સત્યમેવ જયતે

દાખલ તારીખ :– ૨૧/૦૧/૨૦૧૯
રજી. તારીખ :– ૨૧/૦૧/૨૦૧૯
ફેસલ તારીખ :– ૦૮/૦૩/૨૦૧૯
સમય ગાળો :– વર્ષ માસ દિવસ
૦૦ ૦૧ ૧૫

**મે. ધ્રાંગધ્રાના એડી.જ્યુડી. મેજી.શ્રી એ. આર. ત્રિવેદી સાહેબની કોર્ટમાં, મું. ધ્રાંગધ્રા**

**ક્રિમી. કેસ નંબર :–૭૯/૨૦૧૯**
**આંક :– ૧૪**

**ફરીયાદી** : શ્રી સરકાર...

**વિ રૂ ઘ્ધ**

**આરોપી** : રમણીકભાઈ કાનજીભાઈ કૈલા,
રહે.મુ.થળા, તા.ધ્રાંગધ્રા

**બાબત : ઈ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ...**

---

ફરીયાદપક્ષ...... તરફે : વિ.એ.પી.પી.શ્રી. સી.એસ.પલાસ
આરોપી...... તરફે : વિ. વકીલ શ્રી. પી.જે.પરમાર

---

**‖‖ ઠ રા વ ‖‖**

**(૧)..** આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૯.૦૨.૧૮ ના કલાક ૧૨ઃ૦૦ વાગ્યાના અરસામાં રાજગઢ ગામના બસ સ્ટેશન પાસે પોતાના હવાલાવાળુ મોટર સાયકલ નં.GJ-13-Q-9649 વાળુ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી સાહેદ પશ્વાભાઈ ધુળાભાઈ પરમારને ટકકર મારી અકસ્માત કરી કપાળે ગંભીર ઈજા તથા હાથે પગે નાની મોટી ઈજા કરી મોત નીપજાવી તથા પોતાને પણ ઈજા પહોચાડીને ગુનો કરેલ. જે બનાવ અંગેની ફરીયાદ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં આ કામના ફરીયાદીએ આરોપી વિરૂઘ્ધ નોંધાવતા તે ફરીયાદ રજીસ્ટરે લઈ આરોપી વિરૂઘ્ધ ઈ.પી.કો. કલમઃ– ૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ ગુનો દાખલ કરી આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો મળી આવતાં અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)**.. ઉપરોકત ગુનાની ફરીયાદના સંદર્ભમાં ચાર્જશીટ રજુ થતા કોગ્નીઝન્સ લઈ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ અન્વયે આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવામાં આવતા જેની ધોરણસર બજવણી થતા આરોપી તેમના વ.શ્રી મારફતે હાજર થયા હતા. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરવામાં આવેલ છે. ત્યારબાદ ગુના અંગેની સજાની જોગવાઈઓ ધ્યાને લેતા હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ હોઈ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ અન્વયે આરોપીનું આંક–૩ મુજબ નિવેદન લેતાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરી અને પોતે કેસ ચલાવવા આગળ ચલાવવા માંગતા હોય, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ તરીકે શરૂ કરીને પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩).. હાલના કેસમાં ફરીયાદ પક્ષ તરફે તેમના કેસના સર્મથનમાં નીચે મુજબ ના પુરાવાઓ રજુ કરવમાં આવેલ છે.

**મૌખિક પુરાવા**

| અ.નં | સાહેદોના નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી નરશીભાઈ ગોવિંદભાઈ પરમારની સોગંદ ઉપર જુબાની | ૦૪ |
| ૨ | સાહેદ ઈશ્વરભાઈ પશ્વાભાઈ પરમારની સોગંદ ઉપર જુબાની | ૦૬ |

**દસ્તાવેજી પુરાવા**

| અ.નં | દસ્તાવેજી પુરાવા | આંક. |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૫ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૭ |
| ૩ | ઈન્કવેસ્ટ પંચનામુ | ૦૮ |
| ૪ | ઈન્જરી સર્ટી./એમ.એલ.સી. સર્ટી. | ૦૯–૧૧ |
| ૫ | પી.એમ. નોટ | ૧૨ |
| ૬ | કલોઝીગ પુરસીસ | ૧૩ |

(૪).. ત્યારબાદ ઉપરોકત પુરાવા રજુ થયાં બાદ ફરીયાદ પક્ષ તરફે આંક–૧૩ થી કલોઝીગ પુરસીસ આપી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયો હોવાનું જાહેર કરેલ છે અને આ સિવાય ફરીયાદ પક્ષ તરફે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ ક્રિમી.પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધતા તેણે ફરીયાદ પક્ષના તમામ આક્ષેપોનો ઈન્કાર કરેલો છે તેમજ પોતે જુબાની આપવા

માંગતા ન હોવાનું તથા બચાવપક્ષના સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવેલ છે. ત્યારબાદ પક્ષકારના વિધ્વાન વકીલશ્રીઓની વિસ્તુત દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫).. હાલના કેસમાં આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યના તહોમત અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવી છે. નામદાર સર્વોચ્ચ અદાલતનાં **રબિન્દ્ર કુમાર ડે વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા, રીપોર્ટેડ ઈન એ.આઈ.આર. ૧૯૭૭ સુપ્રીમ કોર્ટ પાના નંબર ૧૭૦** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ “Three cardinal Principles of Criminal Jurisprudence are well settled namely:

(1) That the onus lies affirmatively on the prosecution to prove his case beyond reasonable doubt and it cannot derive any benefit from weakness or falsity of the defense version while proving its case;

(2) That in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

(3) That the onus of the prosecution never shifts.

આમ ફોજદારી ધારાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર આરોપીઓ વિરૂધ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો રહે છે. આ કામે ઈ.પી.કો. કલમ–૨૭૯ અન્વયેનું ગુનાહીત કૃત્ય સાબીત કરવા માટે આરોપીએ પોતાના કબજાનું વાહન માનવ જીવન જોખમમાં મુકાય અથવા હાની કે વ્યથા થવાનો સંભવ હોય તે રીતે સરિયામ રસ્તા ઉપર ચલાવ્યા હોવાની તથા ઈ.પી.કો. કલમ–૩૩૭ મુજબનું ગુનાહીત કૃત્ય પુરવાર કરવા માટે આરોપીએ મનુષ્યની જિંદગી કે શારીરીક સલામતી જોખમમાં મુકાય તે રીતે બેફામપણે અથવા બેદરકારી થી કોઈ વ્યથા અથવા મહાવ્યથા કર્યા હોવાની તથા ઈ.પી.કો. કલમ–૩૦૪(અ) મુજબનું ગુનાહીત કૃત્ય પુરવાર કરવા માટે આરોપીએ બેદરકારીથી મૃત્યુ નિપજાવ્યા હોવાની હકીકત પ્રસ્થાપિત કરવાની રહે છે.

(૬).. હાલના કેસમાં ઉપરોકત કાયદાકીય પરિસ્થિતી, હકીકતો, તથા પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતા કેસનો ન્યાયીક નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

– :: **મુ દ્દા ઓ** :: –

(૧).. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૯.૦૨.૧૮ ના કલાક ૧૨:૦૦ વાગ્યાના અરસામાં રાજગઢ ગામના બસ સ્ટેશન પાસે પોતાના હવાલાવાળુ

મોટર સાયકલ નં.GJ-13-Q-9649 વાળુ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી સાહેદ પશ્વાભાઈ ધુળાભાઈ પરમારને ટકકર મારી અકસ્માત કરી કપાળે ગંભીર ઈજા તથા હાથે પગે નાની મોટી ઈજા કરી મોત નીપજાવી તથા પોતાને પણ ઈજા પહોચાડીને ઈ.પી.કો. કલમઃ– ૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કર્યુ છે ?

(૨).. શું હુકમ ?

(૭).. ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નીર્ણયો નીચે મુજબ છે.

– :: **ની ર્ણ યો** :: –

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નંબર – ૧ :–**

(૮).. આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદી નરશીભાઈ ગોવિંદભાઈ પરમારને આંક–૦૪થી તપાસેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે એક વર્ષ અગાઉ રાજગઢ ગામ હાઈવે રોડ ઉપર રાત્રીના સમયે બપોરના બાર વાગ્યે બનેલો. બનાવના દિવસે તેઓ તેમના ગામમાં હાજર હતા. તે વખતે તેમના દાદા સવારના ચાલીને જતા હતા. બપોર બાદ પાછા આવતા હતા તે વખતે હાઈવે રોડ રાજગઢ બસ સ્ટેન્ડ પાસે એક મોટર સાયકલવાળાએ તેમના દાદાને મોટર સાયકલ ભટકાડેલ. જેના કારણે તેઓને ઈજાઓ થતા ૧૦૮ બોલાવી ધ્રાંગધ્રા સરકારી દવાખાને લાવેલ. ત્યારબાદ ડોકટર સાહેબે તેમના દાદાને મરણ ગયેલ જાહેર કરેલ. મોટર સાયકલનો નંબર શું હતો ? તે કોણ ચલાવતુ હતુ ? તે કેવી ચાલતી હતી ? તેની તેમને ખબર નથી. બનાવ અંગે તેમને ફરીયાદ આપેલી. તેમને આજરોજ અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવી અસલ ફરીયાદ આંક–૦૫ થી રજુ રાખેલ છે. આમ, સદર ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન ન કરતા હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવા પરવાનગી માગતાં ઉલટ તપાસની પરવાનગી આપતા ઉલટ તપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કે આંક–૦૫ની ફરીયાદ હકીકતને સમર્થન કરતી કોઈ હકીકત ફરીયાદપક્ષ બહાર કઢાવી શકેલ નથી.

સદર સાહેદની આરોપીપક્ષ તરફે કરવામાં આવેલી ઉલટતપાસ ધ્યાને લેતા સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, બનાવ સમયે તેઓ તેમના ગામમાં હોય બનાવ અંગે તેમને કોઈ જાત માહિતી નથી.

(૮)(૧).. આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઈશ્વરભાઈ પશ્વાભાઈ પરમારને આંક–૦૬થી તપાસેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે એક વર્ષ અગાઉ રાજગઢ ગામ હાઈવે રોડ ઉપર રાત્રીના સમયે બપોરના બાર વાગ્યે બનેલો. બનાવના દિવસે તેઓ તેમના ગામમાં હાજર હતા. તે વખતે તેમના બાપુજી સવારના ચાલીને જતા હતા. બપોર બાદ પાછા આવતા હતા તે વખતે હાઈવે રોડ રાજગઢ બસ સ્ટેન્ડ પાસે એક મોટર સાયકલવાળાએ તેમના બાપુજીને મોટર સાયકલ ભટકાડેલ. જેના કારણે તેઓને ઈજાઓ થતા ૧ ૦૮ બોલાવી ધ્રાંગધ્રા સરકારી દવાખાને લાવેલ. ત્યારબાદ ડોકટર સાહેબે તેમના બાપુજીને મરણ ગયેલ જાહેર કરેલ. મોટર સાયકલનો નંબર શું હતો ? તે કોણ ચલાવતુ હતુ ? તે કેવી ચાલતી હતી ? તેની તેમને ખબર નથી. બનાવ અંગે તેમના દીકરા નરેશભાઈએ ફરીયાદ આપેલી. બનાવ સંદર્ભે ફરીયાદ થતા તપાસ કરનાર અમલદારે તેઓનું નિવેદન લીધેલ. આમ, સદર સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન ન કરતા હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવા પરવાનગી માગતાં ઉલટતપાસની પરવાનગી આપતા ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કે આંક–૦૫ની ફરીયાદ હકીકતને સમર્થન કરતી કોઈ હકીકત ફરીયાદપક્ષ બહાર કઢાવી શકેલ નથી.

સદર સાહેદની આરોપીપક્ષ તરફે કરવામાં આવેલી ઉલટતપાસ ધ્યાને લેતા સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, બનાવ સમયે તેઓ તેમના ગામમાં હોય બનાવ અંગે તેમને કોઈ જાત માહિતી નથી.

(૯).. આ કામે રજુ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરીએ તો આંક–૦૫થી ફરીયાદ રજુ થયેલ છે. **નામદાર સર્વોચ્ચ અદાલતે ૧૯૯૪(૨) એસ.સી.સી.પાના નં–૪૬૭ ઉપર પ્રકાશીત થયેલ ભેરૂસીંગ વિરુઘ્ઘ સ્ટેટ ઓફ રાજસ્થાન**ના કેસમાં ઠરાવેલ છે તે પ્રમાણે ફરીયાદ એ સબસ્ટેનસીવ પીસ ઓફ એવીડન્સ નથી. તેનો ઉપયોગ ફકત તે નોંધાવનારની જુબાનીને સમર્થન કરવામાં કે કોન્ટ્રાડીકટ કરવામાં જ થઈ શકે છે. આમ આ ફરીયાદ પણ ફરીયાદપક્ષને ખાસ મદદરૂપ થતી નથી. આ કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ આંક–૦૭થી તથા ઈન્કવેસ્ટ પંચનામુ આંક–૦૮થી રાખેલ છે જે બચાવ પક્ષે કબુલ મંજુર રાખેલ છે તેના કોઈ પંચોને તપાસેલ નથી. તે જ રીતે ફરીયાદ પક્ષ તરફે આંક–૦૯થી આંક–૧૧ મેડીકલ સર્ટીફીકેટો રજુ રાખવામાં આવેલ છે અને જે બચાવપક્ષે પણ કબુલ મંજુર રાખેલ છે પરતું સદર દસ્તાવેજ અંગે પણ ફરીયાદ પક્ષે કોઈ સાહેદોને તપાસેલ ન હોય જેથી સદર મેડીકલ સ ર્ટીફીકેટને વંચાણે લેવામાં આવે તો પણ ફરીયાદીને ઈજા થયેલાની હકીકત જણાઈ આવે છે પરતું સદર ઈજા આ કામના આરોપીએ પહોંચાડેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ નથી. તે જ રીતે ફરીયાદ પક્ષ તરફે આંક–૧૨ થી પી.એમ. નોટ રજુ રાખવામાં આવેલ છે અને જે બચાવપક્ષે પણ કબુલ મંજુર રાખેલ છે પરતું સદર દસ્તાવેજ અંગે પણ ફરીયાદ પક્ષે કોઈ સાહેદોને તપાસેલ ન હોય જેથી સદર પી.એમ.નોટને વંચાણે લેવામાં આવે તો પણ ભોગ બનનારને મોત માથાના ભાગે ઈજા થવાના

કારણે થયેલાની હકીકત જણાઈ આવે છે પરતું સદર ઈજા આ કામના આરોપીએ પહોંચાડેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ નથી. જેથી સદર દસ્તાવેજ પરથી આ કામના આરોપીએ ઈજા પહોચાડી મોત નિપજાવ્યુ હોય તેવું સાબીત થયેલ માની શકાય નહી.

**(૧૦)..** આમ રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી અને મૌખિક પુરાવાનું તુલનાત્મક મુલ્યાંકન અને વિશ્લેષણ કરતાં આ કામે ભોગ બનનાર સાહેદો છે તેઓની જુબાનીથી આરોપી વિરૂધ્ધનું કોઈ ગુનાહીત કૃત્ય પુરવાર થતું નથી. ત્યારે સદર દસ્તાવેજો બચાવ પક્ષ તરફે કબુલ કરવામાં આવ્યા હોવા માત્રથી આરોપીએ તેમની ઉપર આક્ષેપીત ગુનાહીત કૃત્ય કર્યાની હકીકત પુરવાર થયાનું માની લેવું અતિશયોકિતભર્યુ તેમજ કાયદાની વિરૂધ્ધનું તેમજ ભારતીય પુરાવા અધિનિયમના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધનું ગણાશે તેવું હું નમ્રપણે માનું છું. આમ રજુ થયેલ સમગ્ર પુરાવો ઘ્યાને લેતાં ફરીયાદપક્ષ મુદ્દા નં.૧ ની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નં.૧નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.ર સંબંધે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## ◀ આખરી હુકમ ▶

**(૧)** આ કામના આરોપી રમણીકભાઈ કાનજીભાઈ કૈલા, રહે.મુ.થળા, તા.ધ્રાંગધ્રાવાળાઓ ને ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ અન્વયે સજાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭–એ અન્વયે આરોપીએ રૂા.૫,૦૦૦/– અંકે રૂપીયા પાંચ હજાર પુરાના અપીલ અદાલતમાં હાજર થવા માટેના જાત જામીન આપવા.

હુકમ આજ તારીખ ૦૮મી માહે માર્ચ સને ૨૦૧૯ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૦૮.૦૩.૨૦૧૯.
સ્થળ :–ધ્રાંગધ્રા

( અમીત રમેશચંદ્ર ત્રિવેદી )
એડી. જયુડી મેજીસ્ટ્રેટ ફ.ક.
ધ્રાંગધ્રા
કોડ નં. જી.જે.૦૧૩૬૬